# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૨૬/૦૫/૨૦૨૫ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૧૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૬૦૩ લીટર દેશી દારૂ, ૧૦૦૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૦૧ રીક્ષા અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૪,૬૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૧૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૧૩/૨૦૨૫**

**સોલા હાઈકોર્ટઃ** ગોતા, દર્શિલ એસ્ટેટની બાજુમાં વિસત એસ્ટેટ, શેડ નંબર-૫ ખાતે આવેલ ફેબ્રીકેશનની દુકાનમાં કામ કરતા લાલારામ સ/ઓ શંકરલાલ ઓઝા (ઉ.વ.૩૬)(રહે.સરસ્વતીનગર, ન્યૂ રાણીપ, સાબરમતી. મુળ વતન:-ગામ-રાજહોલી, તા.જી.:-ભીંડ, મધ્યપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૫/૨૦૨૫ સાંજના ૭/૨૫ વાગ્યા પહેલા ગોતા ખાતેની ફેબ્રીકેશનની દુકાનમાં પાઈપ સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અમીતકુમાર કિશોરભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી